ગાંધીનગર સમાચાર
તા. ૧૪-૧૧-૨૦૧૪, શુક્રવાર

તંત્રી સ્થાનેથી....

બાળકોનાં નહેરુચાચા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંદરમી ઓગસ્ટની શુભ સવારે લાલ કિલ્લા પરથી ધ્વજ ફરકાવતાં પહેલાં રાજઘાટ જઈ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સમાધિનાં દર્શન તો કર્યા, પરંતુ વેંત છેટે આધુનિક ભારતના વિશ્વકર્મા અને દેશના પહેલા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની, 'શાંતિવન' ખાતે આવેલી સમાધિ સુધી જવાની એમને જરૂર ન લાગી. એક મહાન લોકશાહી રાષ્ટ્રના ઘડવૈયા અને તત્કાલીન વિશ્વનેતાઓનાં લાડકવાયા નહેરુની અવગણના ઘણા બધા દેશવાસીઓને કઠી હશે. હવે સોનિયા અને રાહુલ નહેરુના નામે આંદોલન ઊભું કરવા તૈયાર થયા છે. પંડિત નહેરુ વર્તમાન વડાપ્રધાન કરતાં અનેક ગણા લોકપ્રિય અને ઘણા પ્રબુદ્ધ રાષ્ટ્રનાયક હતા. જો એમ ન હોત તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ તત્કાલીન કોંગ્રેસ સમિતિઓના અભિપ્રાયને અતિક્રમીને સરદાર પટેલને બદલે એમને આગળ ન જ ધર્યા હોત. ૧૯૮૯ના નવેમ્બરની ચૌદમી તારીખે જન્મેલા જવાહરલાલ નહેરુ સંભ્રાંત પરિવારનું ફરજંદ હતા અને સ્વેચ્છાએ સુખસુવિધામય જીવનશૈલીનો પરિત્યાગ કરી મહાત્મા ગાંધીના અદના સૈનિક તરીકે આઝાદીના જંગમાં જોતરાયા હતા. એમણે ગાંધીમાર્ગે લડત ચલાવતાં ત્રણ હજાર કરતાં વધારે દિવસ કારાવાસ ભોગવ્યો હતો, તે કદાચ આજની યુવા પેઢી ભાગ્યે જ જાણતી હશે. સરદાર પટેલની સરખામણીએ એ વધારે કલ્પનાશીલ, વધારે પ્રભાવશાળી અને તરવરિયા તોખાર જેવા નેતા હતા. દેશનું સુકાન પ્રમાણમાં યુવાન અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રભાવ પાથરી શકે એવા નેતાના હાથમાં સોંપીને ગાંધીજીએ એમના સૌથી વફાદાર અનુયાયી એવા સરદાર પટેલને એમનાં સેકંડ-ઈન-કમાંડ તરીકે કામ કરવાનો આદેશ કર્યો હતો, તે ઘણું દૂરંદેશીભર્યું પગલું હતું. કાશ્મીર કોકડું ઉકેલવામાં ગફલતમાં રહી ગયેલા પંડિત નહેરુ એમ તો પાડોશી ચીન સાથે પણ 'પંચશીલ' કરારના વિશ્વાસે વધેરાયા હતા. પરંતુ આ કદાચ નવાસવા રાષ્ટ્રની નિયતી હતી. સરદાર પટેલ બીમાર રહેતા હતા અને ૧૯૫૦માં તો આ ફાની દુનિયા છોડી ગયા હતા. કદાચ સરદારને વડાપ્રધાન બનાવાયા હોત તો પણ બે વર્ષ બાદ નહેરુએ જ કમાન સંભાળી લેવી પડી હોય. નહેરુએ એમની સાથે આદરપૂર્ણ વ્યવહાર જ કર્યો હતો. મતભેદ જરૂર હતા, મનભેદ નહોતા. કોંગ્રેસને સુદીર્ઘ નેતૃત્વ આપીને અને દેશમાં ઔદ્યોગિક ક્રાન્તિનો સૂત્રપાત કરીને પંડિત નહેરુએ ભારતને પ્રગતિશીલ રાષ્ટ્રોની પંગતમાં મૂકી આપવાનો પ્રચંડ પુરૂષાર્થ કર્યો હતો. સતલજ ઉપરના ભાખલાનાંગલ ડેમના કાતમૂર્હૂત વખતે એમણે એને આધુનિક 'તીર્થ' ગણાવેલું. દેશમાં ટાંકણી કે સોયનું ઉત્પાદન નહોતું થતું ત્યાં એમણે ભિલોઇ પ્લાન્ટ જેવી યોજના સાકાર કરીને ભવિષ્યના ભારતની રમણીય સંકલ્પના રમતી મૂકી હતી. શિક્ષણક્ષેત્રે પણ એમણે ગાંધીજીના બુનિયાદી શિક્ષણના વિચારને અવગણી આધુનિક યુનિવર્સિટીઓ શરૂ કરાવી હતી કારણ કે એ સિવાય દેશમાં વિશ્વસ્તરના તજ્જ્ઞો તૈયાર કરી શકાય એમ નહોતા. ગાંધીજીના રાજકીય વારસ ગણાતા હોવા છતાં અનેક બાબતોમાં નહેરુનો દૃષ્ટિકોણ એમનાથી જુદો પડતો હતો. એમણે મોટા ઉદ્યોગોની તરફેણ ન કરી હોત તો કદાચ દેશ ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ન જ ભરી શક્યો હોત. ત્યાં સુધી કે એમણે જ અંતરિક્ષ આંબવા માટે હોમી ભાભા અને વિક્રમ સારાભાઈને પ્રોત્સાહિત કર્યા અને એમણે રોપેલા પાયા પર જ દેશ આજે વિશ્વની એક અણુસત્તા (એટોમીક પાવર) બની શક્યો છે તથા મંગળ પર યાન મોકલાવી શક્યો છે. એમના જન્મદિવસને 'બાળદિન' તરીકે ઊજવવાની પરંપરા રહી છે. બાળકો એમને ખૂબ વહાલાં હતા અને ગાંધીજી દેશના 'બાપુ' હતા એમ એમનું હુલામણું નામ 'ચાચા નહેરુ' પડી ગયું હતું. ફક્ત રાજકીય દ્વેષવશ એમની અવહેલના કરવાની કૂટનીતિ આખરે તો સત્તાધારી સરકાર પ્રત્યે જ અણગમો ઊપજાવશે. નહેરુની સવાસોમી જંયતીની ઉજવણી સમિતિમાં ગાંધી પરિવારના એક પણ સભ્યને સામેલ નહીં કરવાનો સરકારનો નિર્ણય કમનસીબ છે. (શું આપણે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડની સાર્ધ શતાબ્દી ઊજવતી વખતે વડોદરાના રાજવી પરિવારને હાંસિયે મૂકી શકીએ?) ઈન્દિરા ગાંધીએ કટોકટી લાદવા જેવી એક હિમાલય જેવડી ભૂલ જરૂર કરી હશે, પરંતુ પાકિસ્તાનને જનોઈવઢ વેતરી નાખી બાંગ્લાદેશના સર્જનનું કામ પણ એ મહાન જ કરી શકે! રાજીવ ગાંધીએ સંચારક્રાંતિનો સૂત્રપાત કર્યો હતો, તે ન જ ભૂલવું જોઈએ. સાથે જ, કોંગ્રેસ જયારે પંડિત નહેરુની એકસો પચીસમી જયંતી ઊજવતી હોય અને એમાં દેશવિદેશની પ્રબુદ્ધ નેતાગણને સામેલ કરતી હોય ત્યારે વડાપ્રધાનને હોદ્દાની રૂએ પણ નિમંત્રણ આપવાનો વિવેક ચૂકે-તે પણ ઘણી જ કમનસીબ ઘટના છે. ખરું પૂછો તો વાજપેયી નહેરુની જ કંડારેલી કેડીએ ચાલ્યા હતા અને મોદી પણ ચૂપચાપ નહેરુના જ પેંગડામાં પગ ઘાલવા મથી રહ્યા છે, પછી આવા વહેરાવંચા કેવા? સબકો સન્મતિ દે ભગવાન!

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત રાજ્ય) દ્વારા રાજ્યમાં પ્રતિ વર્ષ યોજાતી સાયન્સ ડ્રામા કોમ્પીટીશન આ વખતે ગાંધીનગરમાં યોજાઈ રહી છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત નાથીબા કૉલેજ હૉલ, સેક્ટર-૨ ૩ ખાતે ગુરુવારે આ સ્પર્ધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગત માસે જિલ્લા કક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા રાજ્યભરમાં યોજવામાં આવી હતી, જેમાં વિજેતા થનારી વિવિધ જિલ્લાની પચીસ ટીમ આ સ્પર્ધામાં ભાગ લઈ રહી છે. મતલબ કે હાલ પચીસ જિલ્લાના વિદ્યાર્થીઓ ગાંધીનગરના મહેમાન છે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ગુરુવારે ગાંધીનગર જિલ્લા તરફથી પ્રેરણા વિદ્યાલય, ગાંધીનગર દ્વારા નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'આજની સજાગતા - આવતીકાલનું સુખ' નાટક રજૂ થયું હતું. રિસાઈકલીંગનું મહત્ત્વ સમજાવતા આ નાટકને બાળ વયના વિદ્યાર્થીઓએ સુપેરે રજૂ કર્યું હતું અને પ્રેક્ષકોની સરાહના પ્રાપ્ત કરી હતી. ગુરુવારે સાંજ સુધી નાટકોનો દોર અખંડ ચાલ્યો હતો અને એ જ રીતે શુક્રવારે પણ આખો દિવસ નાથીબા હૉલમાં સાયન્સ વિષયક નાટકો ભજવાશે, જે જાહેર જનતા પણ નિહાળી શકે છે. આ નાટકો જોવા માટે કોઈ પણ પ્રકારની ફી રાખવામાં આવી નથી. સાયન્સ અને નાટ્યના રસિકોએ આ સોનેરી મોકો ચૂકવા જેવો નથી. સાયન્સ કે નાટકમાં રસ ન હોય તો પણ રાજ્યભરમાંથી ગાંધીનગર પધારેલા બાળ વયના કલાકાર વિદ્યાર્થીઓની પીઠ થાબડવાય આ સ્પર્ધાની મુલાકાત લેવી જોઈએ એવું અનુભવાય છે કારણ કે રાજ્ય કક્ષાની સ્પર્ધા હોવા છતાં પૂરો હોલ પણ ન ભરાય એટલા જ પ્રેક્ષકો નાટકોને મળી રહ્યા છે. (તસવીર : પર્વ નિમાવત, દિલીપ પ્રજાપતિ)

ગાંધીનગર ખાતે ત્રણ દિવસીય પરિષદ તથા પ્રદર્શન મ્યુનિસિપાલિકા ૨૦૧૪નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૩

ભારતના શહેરી વિસ્તારોની વસ્તી વધી રહી છે અને વિકાસશીલ દેશો શહેરી વિકાસના સંદર્ભમાં આધુનિક અભિગમ અપનાવી રહ્યા છે ત્યારે ભારતની કુલ જીડીપીમાં શહેરી વિસ્તારોનું યોગદાન ૬૫ ટકા જેટલું છે અને આ શહેરો આર્થિક

વિકાસમાં મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે. જોકે આવા સંજોગોમાં પણ શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર જોઈએ એટલું સુદ્રઢ નથી, નાગરિકોને મળતી સુવિધાઓનું સ્તર પણ જોઈએ એવું નથી અને વહીવટી માળખાની સ્થિતિ પણ વિકાસને ઉત્તેજન આપી શકે એટલી સક્ષમ નથી.

ઉદઘાટન સમારંભને સંબોધતાં શ્રી નાયડુએ જણાવ્યું હતું કે હાલમાં સ્માર્ટ સિટી બહુ ચર્ચામાં છે, ત્યારે દરેક પ્રદેશના લોકો પોતાના વિસ્તારમાં સ્માર્ટ સિટીનું નિર્માણ થાય એમ ઈચ્છે છે, પરંતુ હકીકત એ છે કે સ્માર્ટ સિટીના નિર્માણ માટે સ્થાનિક વહીવટી તંત્રએ કેટલાક આકરા નિર્ણયો લેવા જોઈએ અને આવા નિર્માણ માટે સરકારી સહાયતાની અપેક્ષા રાખ્યા વગર સ્થાનિક સ્તરે આવક માટેનું એક પારદર્શી તથા અસરકારક મોડલ અપનાવી ભંડોળની જરૂરિયાત પૂર્ણ કરવી જોઈએ. જો સારું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા સુવિધાઓ ઊભી કરવામાં આવે અને તેની સાથે સાથે કરવેરા લાદવામાં આવે તો નાગરિકો હોંશે હોંશે આ વેરા ભરે છે. વધુમાં સ્માર્ટ સિટીનો વિચાર માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા સુવિધાઓ પૂરતો સીમિત નથી, પરંતુ તેમાં સારી શિક્ષણ વ્યવસ્થા, પર્યાવરણના જતનને લગતી જોગવાઈઓ, રોજગારી માટે વિપુલ તકો, મનોરંજનની સુવિધા તથા અસરકારક સલામતી માટેની વ્યવસ્થા પણ સમાવિષ્ટ છે. શ્રી નાયડુએ એવી પણ જાહેરાત કરી હતી કે કેન્દ્ર સરકાર શહેરી વિકાસ માટેની એક એવી માર્ગદર્શિકા તૈયાર કરી રહી છે કે જે અંતર્ગત જે શહેરો તથા રાજ્યો વહીવટી સુધારણા માટે તૈયાર હોય માત્ર તેમને જ આર્થિક સહાયતા આપવામાં આવશે.

સુધારણાની પ્રક્રિયા કેવી રીતે સહાયરૂપ થાય છે એનું ઉદાહરણ આપતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે હૈદરાબાદ દ્વારા તાજેતરમાં જ જમીન રેકોર્ડનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું હતું અને તેને પગલે વાર્ષિક આવક રૂ. ૭૬૫ કરોડથી વધીને રૂ. ૧,૦૩૫ કરોડના સ્તરે પહોંચી ગઈ હતી. કેન્દ્ર સરકાર ૨૦૨૨ સુધીમાં તમામ માટે પોતાનું ઘર સુનિશ્ચિત કરવાનું લક્ષ્ય ધરાવતું સરદાર વલ્લભભાઈ પટેલ હાઉસિંગ ફોર ઓલ મિશન ટુંક સમયમાં લોંચ કરશે એવી જાહેરાત પણ તેમણે કરી હતી.

ગ્રીન બિલ્ડિંગનું કેટલું મહત્ત્વ છે તેની પ્રતિતી કરાવતા શ્રી નાયડુએ એક અગ્રણી આઈટી કંપની દ્વારા તેમના સમક્ષ તાજેતરમાં રજુ કરવામાં આવેલા પ્રેઝન્ટેશનની વાત કરી હતી. આ પ્રદર્શનમાં આપવામાં આવેલી માહિતી મુજબ જો મકાનના બાંધકામ માટે આશરે ૨૦થી ૨૫ ટકાનો વધારે ખર્ચ કરવામાં આવે તો તેના પરિણામે આ મકાનમાં થતાં ઉર્જાના વપરાશમાં ૩૫ ટકાનો ઘટાડો થાય છે. આ હકીકતને ધ્યાનમાં રાખી કેન્દ્ર સરકાર દ્વારા ટુંક સમયમાં જ ગ્રીન બિલ્ડિંગના બાંધકામ માટેનો એક પાયલોટ પ્રોજેક્ટ પણ લોંચ કરવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું.

ઉદ્ઘાટન સમારંભને સંબોધતાં શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે શહેરી વિકાસ એ એક મોટો પડકાર છે પરંતુ ગુજરાત તેને એક તક તરીકે ગણે છે. શહેરોનું નિર્માણ તથા પુનઃનિર્માણ કરવા માટે દીર્ઘકાલિન સાબિત થાય એવું આર્થિક માળખું અનિવાર્ય છે. ગુજરાત સરકાર આવું આર્થિક માળખું ઊભું કરવા પ્રતિબદ્ધ છે અને સરકારે ધોલેરા એસઆઈઆર અને ગિફ્ટ સીટી જેવા કેટલાક પ્રોજેક્ટનું અમલીકરણ પણ હાથ ધર્યું છે. સાથે સાથે સરકાર પોષાય એવા નિવાસસ્થાનોના નિર્માણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. સરકાર માટે મહત્ત્વના અન્ય ક્ષેત્રોમાં ગ્રામ્ય વિસ્તારોમાં શહેરી વિસ્તારને સમકક્ષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તથા સુવિધાઓ ઊભી કરવા એ બાબતનો સમાવેશ થાય છે. આમ કરતી વખતે ગ્રામ્ય વિસ્તારનો મૂળભૂત મિજાજ અકબંધ રહે એનું ધ્યાન પણ રાખવામાં આવે છે. આ અભિયાનમાં યોગ્ય સેનિટેશન સિસ્ટમના નિર્માણ દ્વારા આરોગ્યપ્રદ સ્થિતિ કાયમ કરવાને અગ્રતા આપવામાં આવે છે.

અગાઉ પોતાના સંબોધનમાં યુએ-હેબિટેટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ડો. જોન ક્લોઝે જણાવ્યું હતું કે શહેરી વિકાસ વગર વિકાસની પ્રક્રિયા આગળ વધી શકે નહીં. ભારતની વાત કરીએ તો ૫૦૦ જેટલા શહેરોમાં સ્વચ્છતા તથા સેનિટેશન માટેની વ્યવસ્થા ઊભી કરવી એ એક મોટો પડકાર છે, પરંતુ જનભાગીદારીથી આ પડકારને પહોંચી વળી શકાય એમ છે. આપણે શહેરોની ઉત્પાદકતા વધે તે માટે સારી ડિઝાઈન કરવા પર ભાર મુકવો જોઈએ. સ્માર્ટ સિટીના નિર્માણ માટે અસરકારક નિયમોનો અમલ, સારી ડિઝાઈન અને દીર્ઘકાલિન સાબિત થાય એવું આર્થિક માળખું પાયા સમાન છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

જો શર્માના ૨૫૧ રન... 'ભગવાનનો' રેકોર્ડ પણ તૂટ્યો...!!

ભાવનગરમાં શિશુ વિહાર અને બુધસભાના નેજા હેઠળ બાર કાવ્યસંગ્રહોનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૩

ભાવનગરની જાણીતી સાંસ્કૃતિક સંસ્થા શિશુવિહારના અમૃત મહોત્સવ પ્રસંગે શહેરની સુપ્રસિદ્ધ સાહિત્ય સંસ્થા બુધસભાના નેજા હેઠળ બાર કવિઓની કૃતિઓનું લોકાર્પણ યોજાયું હતું. રાષ્ટ્રીય શાયર પ્રદીપજીનાં સુપુત્રી મિતુલબહેનની પ્રેરક ઉપસ્થિતિમાં આ પ્રસંગે યુવા કવયિત્રી સુચિતા કપૂરના કાવ્યસંગ્રહ 'કશિશ'નું વિમોચન જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈના વરદ હસ્તે સંપન્ન થયું હતું. એમણે સુચિતા કપૂરની કવિતાને કોરી કવિતાથી કંઈક વિશેષ સંવેદનાપૂર્ણ અભિવ્યક્તિ તરીકે બિરદાવી હતી. આ કાર્યક્રમમાં જે કવિઓના કાવ્યસંગ્રહોનું વિમોચન થયું હતું એમણે પોતાની બે-બે રચનાઓ અને કેફિયત પ્રસ્તુત કરી હતી. ડૉ. કેશુભાઈ દેસાઈએ સમાપન સત્રના અતિથિ પ્રવચનમાં તમામ કવિઓને બિરદાવતાં જણાવ્યું હતું કે બુધસભા દ્વારા ચલાવાતી સાહિત્ય પ્રવૃત્તિ ગુજરાતી ભાષા-સાહિત્યની એક નોંધપાત્ર ઘટના અને ઈતિહાસ એની નોંધ લેશે. એમણે ઉપસ્થિત કવયિત્રીઓની તથા પરાજિત ડાભી, મંસૂર કુરેશી તથા પાર્ષદ પઢિયાર જેવા કવિઓની મુક્ત કંઠે પ્રશંસા કરતાં કહ્યું હતું કે જો એમની કવિતા નીચેથી એમનું નામ હટાવી દઈ કોઈ નિષ્ણાત વિવેચકને પૂછવામાં આવે તો એ કોઈ નામી કવિની કૃતિ હશે એવોજ અભિપ્રાય મળશે. શબ્દ શાધનાની આવી પ્રવૃત્તિ ભાવનગર જેવી સંસ્કારનગરમાં જ શક્ય છે અને એ સમસ્ત ગુજરાત માટે દીવાદાંડીરૂપ બની રહેશે. સમારોપ કાર્યક્રમનું સંચાલન બુધસભાના સંચાલક શ્રી પ્રદીપ શેઠે કર્યું હતું.

ગુલે હિંદ!

પરિમલ પ્રસરાવીને પોઢ્યો છે, પ્રેમતણા પંથે વીરલો;
ને થયો ફના તન-ધન અર્પી, સહુ કો'નો લાડીલો હીરલો.
સરફરોશ ને બહાદુર શહીદ સૂતો છે માના અંક મહીં;
આપીને દિલાસો બેઠો છે, દિલબર સૌનો એ રંક મહીં.
મહેકંતુ ગુલ મુરઝાઈ ગયું, ખુશ્બૂ તો હજીયે બાકી છે;
રહેબર તો ચાલ્યો ગયો છતાં આભાસ હજીયે બાકી છે.
'ભારત : નહેરુ, નહેરુ : ભારત' એ શબ્દ હજીયે ગુંજે છે;
તુજ વિણ નાખુદા આજ અમારાં અંગ-ઉપાંગો ધ્રૂજે છે.
બનાવ્યો' તો અજબ ગુલશન તે સીંચી રક્ત ગુલે હિંદ!
હિફાજત થાશે ના એની તો ગુંજને આવશે કેમ નીંદ?
ખિલાવ્યું શાંતિ ને અહિંસા થકી ભારત રૂડું નંદન!
અમારા પ્રાણપ્રાયાર નહેરુ તુજને હૃદયનાં વંદન!
ચમકશે વિશ્વમાં તુજ નામ હરદમ ધ્રુવ-સિતારા!
યુગો વીતશે ના વિસરાશે અમર ઓ હિંદ-ચિતારા!

- ભરત કવિ 'ઊર્મિલ'

જો બૌદ્ધિક અને શારીરિક શિક્ષણની સાથે-સાથે બાળકોને નૈતિક શિક્ષણ પણ આપવામાં આવે તો આ સંસાર શાંતિ અને આનંદનું સ્થાન બની જશે

બાળદિને વિશેષ
અધ્યાત્મ અને શિક્ષણ
- સંત રાજિન્દર સિંહ જી મહારાજ

પૂર્વી દેશોમાં એવું માનવામાં આવે છે કે મનુષ્યના ત્રણ પાસાનો વિકાસ થવો જોઈએ – શારીરિક, માનસિક અને આધ્યાત્મિક. આપણે બુદ્ધિ અને શરીરના સ્તર પર ઘણી ઉન્નતિ સાધી છે પણ આપણે આપણા આધ્યાત્મિક પક્ષને પૂર્ણપણે ભૂલી ચૂક્યા છીએ.

પ્રાચીન સંસ્કૃતિઓમાં નૈતિક ગુણોનો વિકાસ આપણી શિક્ષણ વ્યવસ્થાનું એક આવશ્યક અંગ હતું. વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસની પૂરી વ્યવસ્થા હતી, જેમાં નૈતિક શિક્ષણનો પણ સમાવેશ થતો હતો. પાછલી સદીમાં દુનિયાભરની શિક્ષણ સંસ્થાઓમાં નૈતિક ગુણોના શિક્ષણમાં ઘટાડો થયો છે કારણ કે માત્ર શૈક્ષણિક ઉન્નતિ પર જ પૂરો ભાર મૂકવામાં આવ્યો છે. તેનું પરિણામ એ આવ્યું છે કે આજે આપણી સામે એક એવી પેઢી છે જેમાં નૈતિક મૂલ્યોનો નિતાંત અભાવ છે. રસ્તાઓ પર અપરાધ, બાળકોમાં હિંસા, આનંદ મેળવવા માટે નશીલા પદાર્થો અને શરાબનું સેવન અને કોઈ વાત વિના હિંસા. આ બધું યુવા પેઢીને તૈયાર કરતી વખતે નૈતિક શિક્ષણના અભાવને કારણે છે. વ્યક્તિગત અને વૈશ્વિક સ્તર પર શાંતિ લાવવા માટે એ જરૂરી છે કે આપણે બાળકોને નાની ઉંમરથી જ યોગ્ય શિક્ષણ આપવાનું શરૂ કરી દઈએ. જો આપણે તેમને સાચા અને ખોટાનો અર્થ સમજાવીશું તો તે એવી વ્યક્તિ બની શકશે જેનામાં સદાચારી ગુણો હોય અને જે માત્ર પોતાના માટે જ નહીં પણ સમાજ માટે પણ યોગ્ય નિર્ણય લઈ શકશે.

આ માટે આપણે વિદ્યાર્થીઓને એક સંતુલિત શિક્ષણ આપવું જોઈએ. દુનિયાભરની શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓમાં શારીરિક અને માનસિક વિકાસ પર ધ્યાન આપવામાં આવે છે. સ્કૂલોમાં સ્વાસ્થ્ય, સુરક્ષા અને પોષણના વર્ગો હોય છે. વિભિન્ન વિષયોમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, ભાષા અને સાહિત્ય ભણાવવામાં આવે છે. વિદ્યાર્થી કલા અને સંગીત પણ શીખે છે. એ રીતે મોટાભાગની સ્કૂલોમાં આધ્યાત્મિક અને નૈતિક શિક્ષણ ક્યાંય નજરે પડતું નથી. આપણા બાળકોના ભવિષ્ય માટે એ જરૂરી છે કે આપણે આપણી શિક્ષણ વ્યવસ્થાને એ રીતે તૈયાર કરીએ જેમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોનું શિક્ષણ પણ આપવામાં આવે.

આપણા નૈતિક વિકાસનો અર્થ છે કે આપણે એવી વ્યક્તિ બનીએ જે પ્રેમ, દયા, સચ્ચાઈ અને નમ્રતાથી ભરપૂર હોય. બાળકોની સમક્ષ આપણે આ ગુણોથી ભરપૂર એક આદર્શ જીવનનું ઉદાહરણ રજૂ કરીએ જેથી તે પણ આ ગુણોને પોતાના જીવનમાં ઉતારે. આ માટે સ્કૂલોમાં રોજ એક પીરિયડ આધ્યાત્મિક અને નૈતિક શિક્ષણ માટે હોવો જોઈએ, જેમાં વિદ્યાર્થી અન્ય દેશોની સંસ્કૃતિ અને ત્યાંના લોકો અંગે જાણકારી મેળવે તથા સાથે-સાથે વિભિન્ન ધર્મોનો તુલનાત્મક અભ્યાસ પણ કરે. આ રીતે તેમને અનેકતામાં એકતાનો સંદેશ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ધ્યાન-અભ્યાસમાં બેસવા માટે પણ પ્રોત્સાહિત કરવા જોઈએ જેથી તે પોતાની અંદર જ શાંતિનો અનુભવ કરી શકે.

ધ્યાનનો સંબંધ કોઈ ધર્મ વિશેષ સાથે નથી. પ્રત્યેક વિદ્યાર્થી ભલે કોઈપણ દેશ અથવા ધર્મ સાથે સંબંધ ધરાવતો હોય, ભેગા બેસી ધ્યાન-અભ્યાસની કલાને શીખી શકે છે. આ શાંતિમય ધ્યાનના પીરિયડમાં વિદ્યાર્થી પોતાની અંદર સ્થિત આત્મિક ધનની શોધ કરે છે જેથી તે પોતાના શરીર અને મન પ્રત્યે પૂર્ણપણે જાગૃત થઈ શકે. ધ્યાન તેમને પોતાના સાચા આત્મિક રૂપને જાણવામાં મદદ કરે છે. આ ઉપરાંત તેમને અહિંસા, સચ્ચાઈ, નમ્રતા, પવિત્રતા, કરુણા અને નિષ્કામ સેવા જેવા સદ્‌ગુણો અંગે પણ શીખવાની તક મળે છે, જેથી તે આ સદ્‌ગુણોને પોતાના જીવનમાં ધારણ કરવા માટે પ્રોત્સાહિત થાય છે.

પોતાના આત્મિક સ્વરૂપને જાણી લેવાથી વિદ્યાર્થીઓમાં પોતાની જાતે જ એક ઉચ્ચ સમજ પેદા થાય છે કે બધા લોકોમાં પ્રભુની એક જ જ્યોતિ અને પ્રભુનો પ્રેમ વિદ્યમાન છે. આ અનુભવ તેમને સહનશીલ અને સૌને પ્રેમ કરવાનું શીખવે છે. તેમને એ જ્ઞાન થાય છે કે અલગ-અલગ રૂપ-રંગ હોવા છતાં આપણે સૌ એક જ જ્યોતિથી બન્યા છીએ. આ સમજ મેળવીને તે સૌને પ્રેમ કરવાનું શીખે છે. જ્યારે આપણે બીજાને પ્રેમ અને તેમનો આદર કરવાનું શીખીએ છીએ તો આપણે જાતે જ શાંત અને અહિંસક બની જઈએ છીએ. જ્યારે આપણે સૌને એક જ માનવ પરિવારનું અંગ માનીએ છીએ તો આપણી અંદર અન્ય પ્રત્યે કરુણાનો ભાવ જાગૃત થાય છે કારણ કે આપણા આપણા પરિવારના કોઈ સભ્યને દુઃખ પહોંચાડવાનું તો સ્વપ્નમાં પણ વિચારી શકીએ નહીં. આ રીતે નૈતિક મૂલ્યોથી શિક્ષિત, સંસ્કારવાન વિદ્યાર્થી પોતાના માનવ પરિવારના કોઈ સભ્યને દુઃખ નહીં પહોંચાડે.

સૌને માટે ભલે તે વિદ્યાર્થી હોય, શિક્ષક હોય અથવા બીજું કોઈ, પોતાની જાતને ઓળખવા અને પોતાના અંતરમાં સ્થિત પ્રભુ-સત્તા સાથે જોડાવા ઉપરાંત, જ્યોતિ અને શબ્દનો અભ્યાસ કરવાના અન્ય પણ ઘણા લાભ હોય છે. ધ્યાન-અભ્યાસના સમયે જ્યારે આપણે આંખો બંધ કરી પોતાના અંતરમાં એકીટશે જોઈએ છીએ ત્યારે આપણે આપણા ધ્યાનને એકાગ્ર કરતા હોઈએ છીએ. જો આપણે આ એકાગ્રતા દ્વારા પોતાના મનને શાંત કરવાનું શીખી લઈએ તો આપણે આ તકનીકને પોતાના દૈનિક જીવનમાં પણ અપનાવી શકીએ છીએ. તેનું પરિણામ એ આવે છે કે આપણે જે કંઈપણ ભણીએ છીએ તેને સારી રીતે સમજી લઈએ છીએ, જેથી આપણે આપણું કામ ઝડપથી પૂરું કરી લઈએ છીએ. ધ્યાન-અભ્યાસ આપણી બૌદ્ધિક યોગ્યતા વધારવાની સાથે-સાથે આપણા સ્વાસ્થ્યને સુધારવામાં પણ મદદ કરે છે જેથી આપણે તણાવમુક્ત જીવન વ્યતીત કરીએ છીએ. આપણે બિનજરૂરી આક્રોશથી બચીએ છીએ અને જીવનની મુશ્કેલીઓ અને તણાવોનો સારી રીતે સામનો કરીએ છીએ.

તેથી જો વિદ્યાર્થીઓને નાની ઉંમરથી જ ધ્યાન-અભ્યાસ અને એકાગ્રતાની પદ્ધતિ શીખવવામાં આવે તો શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે તેનો વિકાસ વધારે સારો થશે. તે દરેક વ્યક્તિમાં અને દરેક પ્રાણીમાં પ્રભુની જ્યોતિને જોશે. તેમના મનમાં સમગ્ર માનવતા માટે પ્રેમ અને કરુણાનો ભાવ થશે. જો વિશ્વની બધી શિક્ષણ સંસ્થાઓ, ધ્યાન-અભ્યાસ અને આધ્યાત્મિક શિક્ષણને પોતાના અભ્યાસક્રમમાં સ્થાન આપે તો હવે પછીના પંદર, વીસ કે પચ્ચીસ વર્ષ પછી આપણે એવી વ્યક્તિ બનાવી શકીશું જે પ્રેમ અને દયાથી ઓતપ્રોત હોય. આ એક એવા યુગનો પ્રારંભ હશે જેમાં લોકો પોતાના માટે વધુને વધુ સંચય કરવાને બદલે બીજાની સહાયતા કરવા ઈચ્છશે. આ એક એવો સુવર્ણયુગ હશે કે જેમાં આપણે પોતાના પાડોશી, પોતાના સમાજ અને સૃષ્ટિના દરેક જીવની સંભાળ રાખીશું. જો બૌદ્ધિક અને શારીરિક શિક્ષણની સાથે-સાથે બાળકોને નૈતિક શિક્ષણ પણ આપવામાં આવે તો આ સંસાર શાંતિ અને આનંદનું સ્થાન બની જશે.